પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૩૫ • કુલ પાના : ૪ • તારીખ : ૩૦-૦૧-૨૦૨૩ સોમવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com


પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### વડાપ્રધાને વર્ષની પહેલી 'મન કી બાત' કરી

## લોકશાહી આપણી નસમાં છે, આપણી સંસ્કૃતિમાં છે. તે સદીઓથી આપણાં કામકાજનો એક અભિન્ન ભાગ પણ રહ્યો છે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મન કી બાત પ્રોગ્રામમાં દેશવાસીઓને સંબોધિત કર્યા. તેમણે પદ્મ પુરસ્કાર મેળવનાર લોકોના જીવનની કહાનીઓ જણાવી અને લોકોને પણ તેમના જીવનની પ્રેરક કહાનીઓ વાંચવાની અપીલ કરી. સાથે જ, તેમણે કહ્યું કે, લોકશાહી આપણી નસમાં છે, આપણી સંસ્કૃતિમાં છે. તે સદીઓથી આપણાં કામકાજનો એક અભિન્ન ભાગ પણ રહ્યો છે. સ્વભાવથી આપણે એક ડેમોક્રેસી સોસાયટી છીએ.



મોદીએ કહ્યું કે પદ્મ પુરસ્કાર વિજેકાઓની એક મોટી સંખ્યા આદિવાસી સમુદાયો અને આદિવાસી સમાજ સાથે જોડાયેલાં લોકો તરફથી આવે છે. આદિવાસી જીવન શહેરના જીવનથી અલગ છે, તેમના પોતાના અનેક પડકાર પણ છે. તેમ છતાંય આદિવાસી સમાજ પોતાની પરંપરાઓને બચાવવા માટે હંમેશાં આતુર રહે છે. ટોટો, હો, કુઈ, કુવી અને માંડા જેવી આદિવાસી ભાષાઓ ઉપર કામ કરતી અનેક મહાન હસ્તિઓને પદ્મ પુરસ્કાર મળી ગયા છે. આ આપણાં બધા જ લોકો માટે ગર્વની બાબત છે. સિદ્દી, જારવા અને ઓંગે આદિવાસીઓ સાથે કામ કરનાર લોકોને આ વખતે પણ સન્માનિત કરવામાં આવ્યાં છે.

ગણતંત્ર દિવસ સમારોહમાં અનેક બાબતોની ખૂબ જ પ્રશંસા થઈ રહી છે. ૨૬ જાન્યુઆરીની પરેડ દરમિયાન કર્તવ્ય પથનું નિર્માણ કરનાર શ્રમિકોને જોઈને ખૂબ જ સારું લાગ્યું. આ પરેડમાં પહેલીવાર ભાગ લેનાર મહિલા ઊંટ સવાર સીઆરપીએફની મહિલા ટુકડીના પણ ઘણાં વખાણ થઈ રહ્યાં છે.

ડો. આંબેડકરે બૌદ્ધ ભિક્ષુ સંઘની સરખામણી ભારતીય સંસદ સાથે કરી હતી. તેમણે તેને એવી સંસ્થા જણાવી હતી, જ્યાં પ્રસ્તાવ, સંકલ્પ, કોરમ અને વોટની ગણતરી માટે અનેક નિયમ હતાં. બાબાસાહેબ પ્રમાણે, ભગવાન બુદ્ધને તેની પ્રેરણા તે સમયની રાજનૈતિક વ્યવસ્થાઓ દ્વારા મળી હશે.પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે હું એક રસપ્રદ પુસ્તકનો ઉલ્લેખ કરીશ. જેનું નામ ઈન્ડિયા-ધ મધર ઓફ ડેમોક્રેસી છે. તેમાં અનેક કહાનીઓ છે. તે બધી જ વાંચવી જોઈએ.

વડાપ્રધાને કહ્યું કે મને ગમશે કે દેશના દરેક ખૂણામાં, જ્યાં જી-૨૦ સમિટ યોજાઈ રહી છે, ત્યાં મિલેટ્સથી બનેલાં પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વ્યંજનો સામેલ કરવામાં આવે. તમે કલ્પના કરી શકો છો કે દેશની આ કોશિશ અને દુનિયામાં વધતી મિલેટ્સની ડિમાન્ડ આપણાં નાના ખેડૂતોને કેટલી તાકાત આપી શકે છે. ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સની આવી શાનદાર શરૂઆત માટે અને તેને સતત આગળ વધારવા માટે હું દેશવાસીઓને શુભકામનાઓ આપું છું.યોગ દિવસ અને આપણાં વિવિધ પ્રકારના બરછટ અનાજ અથવા મિલેટ્સમાં ઘણી સામન્યતા છે. આ ફેરફારનો ખૂબ જ મોટો પ્રભાવ પણ જોવા મળી રહ્યો છે. જે પ્રકારે લોકોએ વ્યાપક સ્તરે સક્રિય ભાગીદારી કરીને યોગ અને ફિટનેસને પોતાના જીવનનો ભાગ બનાવ્યો છે, તેવી જ રીતે મિલેટ્સને પણ લોકો અપનાવી રહ્યા છે. લોકો હવે તેનો પોતાના ખાનપાનનો ભાગ બનાવી રહ્યા છે.બીચ માટે જનાર ટૂરિસ્ટ્સ હબ ગોવા આજે કોઈ અન્ય કારણોથી પણ ચર્ચામાં છે. તેનું કારણ પણજીમાં થયેલું પર્પલ ફેસ્ટ છે. મને વિશ્વાસ છે કે એક્સેસિબલ ઈન્ડિયાના વચનને સાકાર કરવામાં આ પ્રકારના અભિયાન ખૂબ જ કારગર સાબિત થશે. પર્પલ ફેસ્ટને સફળ બનાવવા માટે ભાગ લેનાર લોકોને હું અભિનંદન પાઠવું છું.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત દુનિયાનું સૌથી મોટુ લોકતંત્ર છે અને આપણે ભારતીયોને તે વાતનો ગર્વ પણ છે કે આપણો દેશ મદર ઓફ ડેમોક્રેસી પણ છે. લોકતંત્ર આપણી રગોમાં છે. આપણી સંસ્કૃતિમાં છે. પીએમ મોદીએ કહ્યું કે, સદીઓથી તે આપણા કામનું અભિન્ન અંગ રહ્યું છે. સ્વભાવથી આપણે એક ડેમોક્રેટિક સોસાયટી છીએ.આ અગાઉ ૨૫ ડિસેમ્બરે પીએમ મોદીના મન કી બાતનો ૯૬મો એપિસોડ દેશના લોકોએ સાંભળ્યો હતો. વર્ષ ૨૦૨૨માં અંતિમ મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, ૨૦૨૨માં ભારત દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે.

પીએમ મોદીએ કહ્યું કે, વધુ એક રસપ્રદ વાત એ છે કે, હું આપને કહેવા માગું છું કે, ભારતમાં છેલ્લા ૧૧ વર્ષોમાં પહેલી વાર ડોમેસ્ટિક પેટેંટ ફાઈલિંગની સંખ્યા ફોરેન ફાઈલિંગથી વધારે જોવા મળી છે. આ ભારતમાં વધતા વૈજ્ઞાનિક સામર્થ્યને બતાવે છે. તેમણે કહ્યું કે, સાથીઓ, આજે પેટેંટ ફાઈલિંગમાં ભારતનું રેંકીંગ ૭મું અને ટ્રેડમાર્ક્સમાં ૫મું છે. ફક્ત પેટેંટ્સની વાત કરીએ તો, છેલ્લા પાંચ વર્ષમાં તેમાં ૫૦ ટકાનો વધારો થયો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, મને પુરો વિશ્વાસ છે કે, એક્સેસિબલ ઈંડિયા આપણા વિઝનને સાકાર કરવામાં આ પ્રકારના અભિયાન ખૂબ જ કારગાર સાબિત થશે.પીએમ મોદીએ કહ્યું કે, સાથીઓ, આજે હિન્દુસ્તાનના ખૂણે ખૂણે જી ૨૦ સમિટ ચાલી રહ્યા છે અને મને ખુશી છે કે, દેશના દરેક ખૂણામાં જી ૨૦ સમિટ થઈ રહ્યા છે. મિલેટ્સથી બનેલા પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વ્યંજન તેમાં સામેલ હોય છે. તેમણે કહ્યું કે, આપ કલ્પના કરી શકો છો કે, દેશનો આ પ્રયાસ અને દુનિયામાં વધતી મિલેટ્સની ડિમાન્ડ આપણા નાના ખેડૂતોને કેટલીય તાકાત આપશે.

## જુનિયર ક્લાર્ક પેપર લીક મામલે રાજ્ય સરકારે કરી ઉચ્ચ સ્તરીય કમિટીની રચના

અમદાવાદ,

જુનિયર ક્લાર્ક પેપર લીક મામલે રાજ્ય સરકારે ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી છે. હવે આ કેસમાં પંચાયત વિભાગ, ગૃહ વિભાગ અને છ્જી સાથે મળીને તપાસ કરશે. જુનિયર ક્લાર્ક પરીક્ષાનું પેપર લીક કેસ ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. હૈદરાબાદના પ્રિન્ટિંગ પ્રેસમાંથી પેપર લીક થયું હોવાનું સામે આવ્યું છે. હૈદરાબાદથી પેપર વડોદરા લવાયા બાદ ત્યાંથી લોકો રૂપિયા આપીને પેપર લઈ ગયા હોવાની માહિતી મળી છે. એટીએસની એક ટીમ તપાસ માટે હૈદરાબાદ રવાના થઈ છે.

જુનિયર ક્લાર્કનું પેપર વડોદરામાં રૂપિયાથી વેચાઈ રહ્યું હતું તેવો દાવો કરાયો છે. જે અંગે ગુજરાત છ્જીને ૧૫ દિવસ પહેલા જાણ આ અંગેની જાણ થઈ હતી. ગુજરાત છ્જીની ટીમ શંકાસ્પદ લોકોને ઈન્ટરસેપ્ટ કરી રહી હતી.એટીએસને માહિતી મળી હતી કે વડોદરાના પ્રમુખ કૉમ્પ્લેક્સમાં આવેલા સ્ટેક વાઈસ ટેક્નોલોજી નામના કોચિંગ ક્લાસમાંથી પેપર વાયરલ થયું હતું. છ્જીએ કોચિંગ ક્લાસના સંચાલકની અટકાયત કરી છે. જ્યારે ગુજરાતના ૪ અને અન્ય રાજ્યના ૧૧ શખ્સો મળીને કુલ ૧૫ લોકોની અટકાયત ધરપકડ કરી છે.

તો બીજી તરફ સ્પર્ધાત્મક પરીક્ષા મોકૂફ રાખવામાં આવતા પરીક્ષાર્થીઓમાં રોષ જોવા મળ્યો છે. ૯ લાખ ૫૩ હજાર વધુ ઉમેદવારોના સપના રોળાયા છે. મહેનત પર પાણી ફરી વળ્યું છે. પંચાયત સેવા પસંદગી મંડળ હવે આગામી સમયમાં બીજી તારીખ જાહેર કરશે. આ અંગે પંચાયત સેવા પસંદગી બોર્ડે પોતાનો લૂલો બચાવ કર્યો છે અને દોષનો ટોપલો ખાનગી એજન્સી પર ઢોળી દીધો છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સભ્ય રાજીકા કચેરીયાએ દાવો કર્યો કે- ગુજરાત બહારથી પેપર લીક થયું હતું..આખી ટોળકી ગુજરાત બહારની છે. ત્યાંની ટોળકીઓ પર સરકારે નજર રાખેલી જ હતી. આ ટોળકી સામે કડક કાર્યવાહી થશે. તેમણે કહ્યું કે ખાનગી એજન્સી જ પેપર અંગેની બધી જાણકારી હોય છે.. પેપર ક્યાં પ્રિન્ટ થાય છે અને કેવી રીતે પ્રિન્ટ થાય છે તેની સરકાર કે મંડળને કોઈ ખબર નથી હોતી.

મહત્વનું છે કે સવારે ૧૧થી ૧૨ કલાક દરમિયાન પરીક્ષા યોજાવાની હતી. ૯.૫૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા. પરંતુ તેમની આશાઓ પર નિરાશાનું મોજું ફરી વળ્યું છે. ૨ હજાર ૯૯૫ પરીક્ષા કેન્દ્રો પર તૈયારીનો ખર્ચ માથે પડ્યો છે.. ૭ હજાર ૫૦૦ પોલીસકર્મી સહિત ૭૦ હજારથી વધુનો સ્ટાફ છતા પેપર ફૂટતા સુરક્ષા સામે પણ સવાલ ઉઠ્યા છે.

## ફરજમાં બેદરકારી દાખવનારા કે અપરાધ કરનારા દોષી કેન્દ્રીય કર્મચારીઓને પેન્શન અને ગ્રેચ્યુઈટી નહીં મળે

નવીદિલ્હી,

ફરજમાં બેદરકારી દાખવનારા કે અપરાધ કરનારા કેન્દ્રીય કર્મચારીઓને હવે મોટું નુકસાન થઈ શકે છે. કેન્દ્ર સરકારે કર્મચારીઓને એક ચેતવણી આપી છે, જેની ઉપેક્ષા કરનારા કર્મચારીઓને રિટાયરમેન્ટ પછી પેન્શન અને ગ્રેચ્યુઈટી ગુમાવવી પડી શકે છે.

જો કોઈ સરકારી કર્મચારી પોતાના કામમાં બેદરકારી દાખવે છે તો એના માટે રિટાયરમેન્ટ પછી તેનું પેન્શન અને ગ્રેચ્યુઈટી રોકવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે. સરકારનો આ આદેશ કેન્દ્રીય કર્મચારીઓને લાગુ રહેશે. જોકે ભવિષ્યમાં રાજ્યો પણ એનો અમલ કરી શકે છે. કેન્દ્ર સરકારે સેન્ટ્રલ સિવિલ સર્વિસિસ (પેન્શન) રૂલ ૨૦૨૧ના સંબંધમાં એક નોટિફિકેશન ઈશ્યુ કર્યું હતું, જેમાં કેન્દ્ર સરકારે રીસન્ટ્લી રૂલ આઠમાં ફેરફાર કર્યો હતો જેમાં નવી જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું હતું કે જો કોઈ કેન્દ્રીય કર્મચારી પોતાની ફરજ દરમ્યાન કોઈ ગંભીર અપરાધ કે બેદરકારીના આરોપમાં દોષી પુરવાર થશે તો રિટાયરમેન્ટ પછી તેની ગ્રેચ્યુઈટી અને પેન્શન રોકવામાં આવશે.

સંબંધિત મંત્રાલય કે વિભાગની સાથે જોડાયા હોય એવા સચિવ કે જેમના હેઠળ રિટાયર થનારા કર્મચારીની નિમણૂક કરવામાં આવી હોય, તેમને પેન્શન અને ગ્રેચ્યુઈટી રોકવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો છે. જો કોઈ કર્મચારી ઑડિટ અને અકાઉન્ટ વિભાગમાંથી રિટાયર થયો હોય તો કૅગને દોષી કર્મચારીઓને રિટાયર થયા બાદ પેન્શન અને ગ્રેચ્યુઈટી રોકવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

નિયમ અનુસાર નોકરી દરમ્યાન જો કોઈ કર્મચારીની વિરુદ્ધ કોઈ ડિપાર્ટમેન્ટલ કે ન્યાયિક કાર્યવાહી કરવામાં આવી હોય તો એની જાણકારી પણ સંબંધિત અધિકારીઓને આપવી પડશે.જો કોઈ કર્મચારીની રિટાયરમેન્ટ બાદ ફરીથી નિમણૂક કરવામાં આવે છે તો એના પર પણ આ નિયમ લાગુ પડશે.

જો કોઈ કર્મચારીએ રિટાયરમેન્ટ પછી પેન્શન અને ગ્રેચ્યુઈટીની રકમ લઈ લીધી હોય અને એના પછી તે દોષી પુરવાર થાય તો તેની પાસેથી પૂરેપૂરી કે એના થોડાક ભાગની વસૂલાત કરી શકાય છે. નુકસાનના આધારે એ બાબતે સંબંધિત અધિકારીઓ નિર્ણય કરશે. ઑથોરિટી ઈચ્છે તો કર્મચારીનું પેન્શન અને ગ્રેચ્યુઈટીને કાયમી કે થોડા સમય માટે રોકી શકે છે.

## કોંગ્રેસ ૨૦૨૪ વિરોધ પક્ષ ગઠબંધનની આગેવાની કરશે ?, કોગ્રેસ વગર કોઈ ગઠબંધન સમર્થ નથી : જયરામ રમેશ

નવીદિલ્હી,

હિમાચલ પ્રદેશમાં જીત અને રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા' ને લીધે કોગ્રેસમાં આત્મ વિશ્વાસ પરત ફર્યો છે. રાહુલ ગાંધીને મળી રહેલા જન સમર્થન બાદ હવે કોગ્રેસના વરિષ્ઠ નેતા જયરામમ રમેશે એક પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યુ હતુ કે, લોકસભાની ચૂંટણી ૨૦૨૪ માં ભાજપને ટક્કર આપવા માટે વિરોધ પક્ષ દ્વારા ગંઠબંધનને કોગ્રેસને આધાર બનાવો પડશે.

કોગ્રેસ મહાસચિવ પ્રભારી જયરામ રમેશે કહ્યુ કે, ભાજપાને હરાવા માટેનો મંચ વાસ્તવકિતા પર આધારીત હોવો જોઈએ. એક કોગ્રેસનો કોઈ પણ ગઠબંધનનો આધાર હોવો જઈએ કોગ્રેસ વગર વિપક્ષ ગઠબંધન પ્રાસંગીક કે સાર્થક નથી. તેમણે કહ્યુ કે, કેમ કે, કોગ્રેસ જે એક એવી એક માતર રાજકીય પાર્ટી છે જેની સમગ દેશમાં ઉપસ્થિતિ છે. બીજી તરફ વાસ્તવિક્તા જણાવતા જયરામ રમેશે કહ્યુ ક, કોઈ પણ વિપક્ષ ગઠબંધન રચનાત્મક એજેન્ડા પર આધારીત હોવુ જોઈએ. નહી કે ફક્ત ભાજપ કે, સરકાર વિરોધી નકારાત્મક એજેન્ડ પર, એક સકારાત્મક, રચનાત્મક એજેન્ડ પર આધારિત હોવી જોઈ. હવે અમે રાજકીય પાર્ટી સાથે વાત કરવાની પ્રક્રિયા શરુ કરીશુ. આ સિવાય કોગ્રેસ મહાસચિવએ કહ્યુ કે, તેમના વિચારમાં કોગ્રેસને ૨૦૨૯માં સામાન્ય ચૂંટણીમાં દરેક રાજ્યમાં પોતાના દમ પર ચૂંટણી લડવાની તૈયારી કરવી જોઈએ. તેમણે કહ્યુ કે, ભારત જોડો યાત્રાનો ઉદ્યેશ્ય આરએસએસ ભાજપાની દેશમાં વ્યાપ્ત રાજનીતિક તાનાશાહને સો લાવાનું છે.

## ગુજરાતમાં શા માટે લગભગ દરેક પરીક્ષાનું પેપર લીક થાય છે? કરોડો યુવાનોનું ભવિષ્ય બર્બાદ થયું છે : અરવિંદ કેજરીવાલ

અમદાવાદ,

રાજયમાં વધુ એક વખત જુનિયર ક્લાર્કના પેપર લીકની ઘટના સામે આવી છે. આ ઘટનામાં પોલીસ તપાસ દરમિયાન એક યુવકની ધરપકડ કરી છે. યુવક પાસેથી પ્રશ્નપત્રની નકલ મળી આવી હતી. પેપર મોકૂફ લેવાનો નિર્ણય લેવાતા આખરે ૯ લાખ ૫૩,૦૦૦થી વધુ ઉમેદવારોની મહેનત પાણમાં ગઈ છે. પંચાયત સેવા પસંદગી મંડળ વર્ગ ૩ જૂનિયર ક્લાર્કની પરીક્ષા માટે હવે પછી બીજી તારીખ જાહેર કરાશે.

પેપર લીકની ઘટનાને લઈને આમ આદમી પાર્ટી ગુજરાતના અધ્યક્ષ ઈસુદાન ગઢવી અને દિલ્હીના સીએમ અને આપના સંયોજક અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને ભાજપ સરકાર પર આક્ષેપ કર્યો છે. જુનિયર ક્લાર્કના પેપર લીક મામલે દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ટ્વીટ કર્યુ છે. તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં શા માટે લગભગ દરેક પરીક્ષાનું પેપર લીક થાય છે? કરોડો યુવાનોનું ભવિષ્ય બર્બાદ થયું છે.

ઈસુદાન ગઢવીએ ટ્વીટ કરીને જણાવ્યું કે, ગજબ! પેપર નહીં ઉમેદવારોની કિસ્મત ફૂટી છે! ભરોસાની ભાજપ સરકારના કરોડો રૂપિયાના ખર્ચે લાગેલ બેનરોથી ઉમેદવારો અને એમના માતા-પિતા ફરી ભરોસો કરીને ૯૯થી વધારીને ૧૫૬ સીટો આપી. પરંતુ ભાજપે ફરી કૌભાંડો અને પેપર ફોડવાનું શરુ કરી દીધું! પંજાબમાં આરોગ્ય મંત્રીએ એક ટકો કમિશન માંગ્યું હતું.

આ પરીક્ષા માટે ૭૫૦૦ પોલીસ સ્ટાફ અને ૭૦ હજાર પરીક્ષા સ્ટાફ પરીક્ષામાં તૈનાત કરવામાં આવ્યો હતો. વિવિધ જિલ્લાઓમાંથી પરીક્ષા આપવા માટે આવેલા ઉમેદવારો પરીક્ષા કેન્દ્રથી પોતાના મુળ રહેઠાણ ખાતે પરત જવા ગુજરાત એસ.ટી.બસમાં વિનામુલ્યે પ્રવાસ કરી શકશે. જે માટે ઉમેદવારે પોતાનો પ્રવેશપત્ર (કોલલેટર અથવાહોલ ટિકિટ)અને એસલ ફોટો ઓળખપત્ર બતાવીને ગુજરાત એસ.ટી.બસમાં વિનામુલ્યે મુસાફરી કરી શકશે.

## અમદાવાદના વાતાવરણમાં પલટો, શહેરના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ



અમદાવાદ,

માવઠાની આગાહી વચ્ચે રાજ્યમાં ઠેર-ઠેર કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે અમદાવાદમાં પણ મોટા ભાગના વિસ્તારોમાં વહેલી સવારથી જ વરસાદ પડી રહ્યો છે. ઈસનપુર, બાપુનગર, એલિસબ્રિજ, મેઘાણીનગર, મણિનગર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો.તો બીજી તરફ દાહોદ, અરવલ્લી, ભાવનગર, વડોદરા, ખેડા, આણંદ, પંચમહાલ, મહિસાગર સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો છે. તો ઘણા જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. જેના પગલે ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. ખેડૂતોએ મહા મહેનતે તૈયાર કરેલો પાક કમોસમી વરસાદના કારણે બરબાદ થઈ ગયો છે. માવઠાની આગાહી સાથે હવામાન વિભાગે માછીમારોને આગામી ૨૪ કલાક દરમિયાન દરિયો ન ખેડવા માટે પણ સૂચના આપી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ભારે પવન સાથે વરસાદ વરસી શકે છે. દરમિયાન પવનની ગતિ પ્રતિ કલાક ૪૦થી ૫૦ કિલોમીટરની રહેશે. આગામી ૨૪ કલાકમાં વરસાદ સાથે ઠંડીનો પણ અનુભવ થશે અને ઠંડીનો ચમકારો પણ યથાવત્ રહેશે. જોકે આગાહી અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દરમિયાન કેટલાક જિલ્લામાં તાપમાન ૮ ડિગ્રી જેટલું નીચું જઈ શકે છે. આગામી ૨૪ કલાકમાં સારાષ્ટ્રમાં રાજકોટ, પોરબંદર, ગીર સોમનાથ અને જૂનાગઢ કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે.

## સંસદમાં સીધી અરજી કરી કોઈ મુદ્દાની ચર્ચા કરાવવાનો લોકોને હક આપો

નવીદિલ્હી,

દેશના નાગરિકો સીધા સંસદમાં અરજી કરી અને તેમના દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દા પર ગૃહમાં ચર્ચા કરાવી શકે તેવી માગણી કરતી સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી છે. નાગરિકોને આવા અધિકારો આપવા માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ઉભું કરવા આવે તે માટે કેન્દ્ર અને અન્યનો આદેશ આપવામાં આવે તેવી અરજદારે માગણી કરી છે.

આ અરજી જસ્ટિસ કે એમ જોસેફ અને બી વી નાગરથનાની બનેલી બેંચ સમક્ષ સુનાવણી માટે આવી હતી. આ કરણ ગર્ગ નામના વ્યક્તિએ વકીલ રોહન જે આલ્વા દ્વારા આ અરજી કરાઈ છે. સુપ્રીમ કોર્ટે આ અરજીની એક નકલ કેન્દ્રના વકીલને આપવાની તાકીદ કરી હતી અને આ મામલે ફેબ્રુઆરીમાં સુનાવણી કરવાનું નક્કી કર્યું હતું.

અરજદારે જણાવ્યું છે કે સંસદમાં સીધી અરજી કરીને કોઈ મુદ્દાની ચર્ચા કરાવવાનો નાગરિકોને બંધારણના કલમ ૧૪, ૧૯(૧) અને ૨૧ હેઠળ મૂળભૂત અધિકાર મળેલો છે. નાગરિકો અયોગ્ય અવરોધ અને મુશ્કેલી વગર સંસદમાં પોતાનો અવાજ રજૂ કરી શકે તે દિશામાં પગલાં લેવાની કેન્દ્ર અને અન્યોની જવાબદારી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે દેશના એક સામાન્ય નાગરિક તરીકે લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લેવાની વાત આવે ત્યારે અરજદાર લાચારી અનુભવે છે. લોકો એક વખત મતદાન કરે અને પ્રતિનિધિઓને ચૂંટી કાઢે તે પછી લોકો માટે લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેવાનો કોઈ અવકાશ રહેતો નથી. સામાન્ય નાગરિકો ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે જોડાઈ શકે તેવી કોઈપણ ઔપચારિક પદ્ધતિની સંપૂર્ણ ગેરહાજરી છે. તેથી નાગરિકો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાની સંસદમાં ચર્ચા થાય તે સુનિશ્ચિત કરવા પગલાં લેવાની જરૂર છે. આવી વ્યવસ્થાના અભાવે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નાગરિકો વચ્ચે શુન્યવકાશ ઊભો થાય છે. કાયદા ઘડવાની પ્રક્રિયામાં લોકો સામેલ થઈ શકતા નથી. લોકશાહીમાં સંપૂર્ણ ભાગીદારીના લોકોના મૂળભૂત હકો ગંભીર ચિંતાનો વિષય છે. આ મુદ્દાનો તાકીદે ઉકેલ લાવવાની જરૂર છે. અરજદારે જણાવ્યું હતું કે સંસદમાં નાગરિકો સીધી અરજી કરી શકે તેવી બ્રિટનમાં એક સિસ્ટમ છે અને તે ઘણા વર્ષોથી સારી કામગીરી કરી રહી છે.

## ઈરાનમાં ભૂકંપથી સર્જાઈ તારાજી, ૭ લોકોના મોત ૪૪૦ લોકો ઘાયલ

ખોય,

ઈરાનમાં ભકંપના ઝટકા અનુભવાયા હતા. ઉત્તર પશ્ચિમ ઈરાનમાં ભૂકંપના ઝટકા એટલા જોરદાર હતા કે, તેના લીધે ઘણા લોકોના જીવ પણ ગયા છે અને હજારોની સંખ્યમાં લોકો ઘાયલ થયા છે. રિપોર્ટ અનુસાર ઈરાનમાં ૫.૭ ની તીવ્રતાનો ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. આ ભૂકંપથી અત્યાર સુધીમાં ૭ લોકોના મૃત્ય થયા હોવાની માહિતી મળી છે. જ્યારે ૪૪૦ લોકો ઘાયલ થયા છે. ભંકપના ઝટકા પશ્ચિમ અજરબાઈજાનના ખઓય શહેરમાં અનુભાવાયા હતા. તે તુલકર્કી અને ઈરાન બોર્ડર નજીક છે. ભૂકંપના ઝટકા સ્થાનિક સમય અનુસાર રાત્રે ૧૧:૪૪ વાગે અનુભવાયા હતા. ઈરાનના ખોય શહેરમાં ભૂકંપના ઝટકાના અનુભવ કરવામાં આવ્યો હતો. ઈરાનના ખોય શહેરમાં જમીનથી ૧૦ કિલોમીટર નીચે સુધી ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ઈરાનની સમાચાર એજેન્સી અનુસાર પશ્ચિમ અજરૈજાનમાં ઘણી જગ્યાએ ઝટકા અનુભવાયા છે. જમીનની નીચેના તળની વાત કરી એ તો ઈસામે ઈનર કોર, આઉટર કોર, મૈડલ , ક્સ્ટર હોય છે. ધરતી ઉપર તળેટી પર ૭ ટેક્ટોનિક્સને મળીને બની છે. આ પ્લેટ જ્યારે આમ તેમ હલે છે તો એક બીજા સાથે ટકરાય છે. અને એટલા માટે ભૂંકપ આવે છે.


અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કે. વી. પરમાર
તરફથી અભીનંદન....
મુ. ધનસરની મુવાડી,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
હાલોલ તા. ખ. વે. સં. લી.
તરફથી અભીનંદન....
મુ. સીંગપુર,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કે. આર. રાઠવા
તરફથી અભીનંદન....
મુ. રાનીપુરા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# પરીક્ષા મોકૂફ થતાં ૯.૫૩ લાખ ઉમેદવારની મહેનત પાણીમાં, ગુજરાત બહારથી પેપર લીક થયું

દાહોદ,

ગુજરાત રાજ્યમાં જુનીયર ક્લાર્કના પેપર લીકની ઘટના બાદ દાહોદ જિલ્લામાં આવેલ બસ સ્ટેશન સહિત રેલ્વે સ્ટેશન ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સમગ્ર ગુજરાત રાજ્ય સહિત દાહોદ જિલ્લામાં પણ જુનીયર ક્લાર્કની પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે ત્યારે આ આક્રોશ વચ્ચે કોઈ અનીચ્છીય બનાવ ન બને તે માટે દાહોદ જિલ્લામાં તમામ બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન સહિત અનેક સ્થળોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

રાજયમાં વધુ એક વખત જૂનિયર ક્લાર્કના પેપર લીકની ઘટના સામે આવી છે. પરીક્ષા પહેલાં પેપર લીક થતા પરીક્ષા મોકૂફ કરવામાં આવી છે. આ બાબતે પોલીસે અગાઉ એક યુવકની ધરપકડ કરી છે, જેની પાસેથી પ્રશ્નપત્રની નકલ મળી આવી હતી. પેપર મોકૂફ રખાતા ૯.૫૩ લાખથી વધુ ઉમેદવારોની મહેનત પાણીમાં ગઈ છે, જેઓ ૧૧૮૧ ખાલી જગ્યા માટે પરીક્ષા આપવાના હતા. પંચાયત સેવા પસંદગી મંડળ વર્ગ ૩ જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે હવે પછી બીજી તારીખ જાહેર કરાશે. આ મામલે ૧૦થી ૧૫ની અટક કરી છે અને રાજ્ય બહારની પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયેલું આ પેપર પ્રેસમાંથી જ લીક થયાનું જાણવા મળ્યું છે. મળતી વિગત અનુસાર પેપર લીકમાં બિહાર-ઓરિસ્સા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અને ગુજરાતનું કનેક્શન સામે આવ્યું છે. ગુજરાત બહારની પ્રિન્ટીંગ પ્રેસમાં પેપર છપાયું હતું. હૈદરાબાદની પ્રિન્ટીંગ પ્રેસની અંદરથી પેપર લીક કર્યું હોવાની એન્ટી ટેરસ્ટિ સ્કવોડ ને પ્રાથમિક કડી મળી હતી. પેપર લીક મુદ્દે મોડી રાત્રે ૨ વાગ્યે ઓપરેશન પાર પાડ્યું હતું. જેમાં મુખ્ય સૂત્રધાર પ્રદીપ નાયક, શેખર નામનો શખસ તથા કેતન બારોટ સહિત ૧૫ શખસની અટકાયત કરી છે. મળતી માહિતી અનુસાર ગુજરાત એટીએસની ટીમે પકડેલા આરોપીઓ અલગ-અલગ રાજયના છે. જ્યારે વડોદરાના ભાસ્કર ચૌધરી અને રિદ્ધિ ચૌધરીની પણ એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આ બંને સ્ટેક વાઇઝ ટેકનોલોજીના સંચાલક છે.

પેપર ફૂટયું હોવાનું સામે આવ્યું છે, ત્યારે સરકારે તપાસ કમિટીની રચના કરી હોવાના અહેવાલ છે. પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આજે ૨૯મી જાન્યુઆરીએ યોજાનારી જુનિયર ક્લાર્કની પરીક્ષા પેપર લીક થતાં મોકૂફ કરી દીધી છે. ત્યારે સરકારે પેપર લીક મુદ્દે સરકાર દ્વારા એક તપાસ કમિટી રચવામાં આવી હોવાના મીડિયા અહેવાલ છે. આ કમિટીમાં પંચાયત વિભાગ, ગૃહ વિભાગ અને ગુજરાત એટીએસ મળીને તપાસ કરશે.

ઘટના સંદર્ભે દાહોદ જિલ્લામાં પણ પરીક્ષાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. દાહોદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં કોઈ અનીચ્છીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વહેલી સવારથીજ દાહોદ જિલ્લાના બસ સ્ટેશન તેમજ દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા માટે ઉમટી પડ્યાં હતાં પરંતુ પેપર લીક થયું હોવાનું માલુમ પડતા પરીક્ષાર્થીઓમાં ભારે આક્રોશ સાથે નિરાશા જોવા મળી હતી.

> ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા જુનિયર ક્લાર્ક (વહીવટ હિસાબ)ની પરીક્ષા મોકૂફ.
> ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા જુનિયર ક્લાર્ક (વહીવટ હિસાબ)ની જગ્યાઓ પર ભરતી માટે લેખિત પરીક્ષા આજે તારીખ ૨૯ જાન્યુઆરીના રોજ સવારે ૧૧ થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાનાર હતી. પરતું અનિવાર્ય સંજોગોને કારણે મંડળ દ્વારા પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. પરીક્ષાની નવી તારીખની ટૂંક સમયમાં જાણ કરવામાં આવશે.

> ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા જુનિયર ક્લાર્ક (વહીવટ હિસાબ)ની પરીક્ષાના ઉમેદવારો માટે એસટીની વિનામૂલ્યે મુસાફરી. ઉમેદવારો પોતાના મૂળ રહેઠાણ જવા માટે એસટીમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.
> ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા જુનિયર ક્લાર્ક (વહીવટ હિસાબ)ની જગ્યાઓ પર ભરતી માટે લેખિત પરીક્ષા આજે તારીખ ૨૯ જાન્યુઆરીના રોજ સવારે ૧૧ થી ૧૨ વાગ્યા દરમ્યાન યોજાનાર હતી. પરતું અનિવાર્ય સંજોગોને કારણે મંડળ દ્વારા પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. ત્યારે ઉમેદવારો પોતાના મૂળ રહેઠાણ જવા માટે એસટીમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે. આ માટે તેમણે તેમનો કોલ લેટર તેમજ ઓળખપત્ર બતાવવાનું રહેશે.

## સંજેલી તાલુકામાં વ્યાજખોરોમાં ફફડાટ

# સંજેલી તાલુકાના પીછોડા આશ્રમ શાળાના શિક્ષકે સંજેલી કાપડના વ્યાજખોર વેપારી સામે ફરિયાદ નોંધાવી

- વ્યાજનું વ્યાજ વસૂલનાર સજેલી સોનિયા ફેશન કાપડની દુકાન માલિક સામે ગુનો દાખલ.
- ૩૩૦૦૦ વ્યાજ ની ૧૦ % ની રકમ ૧,૪૩,૬૦૦ મેળવી છતાં કોર્ટ કેસ કર્યો.
- સંજેલી વર્ધમાન કો.ઓ. સોસાયટીના પ્રમુખ સામે વ્યાજખોરીનો ગુનો દાખલ.

સંજેલી,

સંજેલી તાલુકાના પિછોડા આશ્રમ શાળાના શિક્ષકે વ્યાજનું વ્યાજ ચૂકવી ત્રાસેલા સંજેલી સોનિયા ફેશન કાપડની દુકાનના વ્યાજ ખોર સંચાલક થી કંટાળેલા શિક્ષકે ૩૩૦૦૦ વ્યાજના રૂા.૧,૪૩,૬૦૦ વ્યાજ ચૂકવ્યું છતાં પણ પેટ ન ભરાતા ચેકો બાઉન્સ કરાવી નોકરીમાંથી છૂટો કરાવી અને જાનથી મારી નાખવાની ધમકી અને ત્રાસ આપતા વ્યાજખોર સામે ફરિયાદ નોંધાતા વ્યાજખોરો માં ફફડાટ ફેલાઈ જવા પામ્યો.




સંજેલી તાલુકાના પિછોડા આશ્રમશાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા રમણભાઈ પ્રભુદાસભાઈ સોલંકી ને વર્ષ ૨૦૧૯ માં ફાઈનાન્સ ની લોન ભરવા માટે નાણાંની જરૂર પડતા સંજેલી ખાતે સોનિયા ફેશન કાપડની દુકાન સંચાલક જયેશ કનકમલ ધોકા પાસેથી ૧,૧૧૦૦૦ ૧૦% ના લેખે લીધા હતા તે દરમિયાન સહી કરેલા બે કોરા ચેક લીધા હતા ત્રણ માસ બાદ રકમ ચૂકવી દીધી હતી પરંતુ વ્યાજખોર વેપારીએ તેની પાસે લીધેલા ચેક આપ્યા ન હતા અને વ્યાજના ૩૩ હજાર રૂપિયાનું વ્યાજ મેળવવા દર મહિને ૧૦% લેખે વ્યાજ ની ઉઘરાણી કરતો હતો પરંતુ જાન્યુઆરી ૨૦૨૨ માં શિક્ષકની માતા બીમાર પડતા વ્યાજ ચૂકવવા માં મુશ્કેલી પડી હતી વ્યાજખોર આશ્રમશાળા ખાતે આવી અને તારો ૧,૯૯૦૦૦ નો ચેક બેંકમાં નાખી દઈશ તને જોઈ લઈશ તેવી ધમકી આપી જતો રહ્યો હતો અને ફેબ્રુઆરી માસમાં ચેક બાઉન્સ કરાવી વકીલ મારફત નોટિસ મોકલાવી હતી ચેક માં ફસાવી દેશે તેવા ડરેથી ૨૦૦૦૦ રૂપિયા રોકડા અને ૩૧૦૦રૂપિયા નોટિસનો ખર્ચ મળી ૨૩,૧૦૦ રોકડા આપી નોટિસ પરત ખેચાવી હતી. જે બાદ વ્યાજ ચૂકવતો હતો પરંતુ ફરી માતા બીમાર પડતા વ્યાજ ના ચુકવાતા નવેમ્બર માસમાં ૧,૯૯૦૦૦ નો ચેક બાઉન્સ કરાવી અને નોટિસ મોકલાતા ૧૦૦૦૦ રૂપિયા વ્યાજ અને ૩૧૦૦ વકીલ ના મળી ૧૩,૧૦૦ રોકડા આપી અને નોટિસ પરત ખેચાડી હતી આમ વ્યાજખોર વેપારીએ ૩૩,૦૦૦ ના વ્યાજમાં વ્યાજનું વ્યાજ કરી રૂા.૧,૪૩,૬૦૦ રૂપિયા મેળવ્યા છતાં પણ દર મહિને ૧૦૦૦૦ રૂપિયા ભરવા પડશે તેવી ધમકી આપી બળજબરી પૂર્વક કોરો ચેક પડાવી લીધો હતો ફાઈનાન્સ ની લોન ભરવા માટે લીધેલા રકમ પરત કર્યા બાદ પણ વ્યાજખોર વેપારી દ્વારા અવારનવાર વ્યાજનું વ્યાજ વસુલી અને હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપી તેમજ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી જાનથી મારી નાખવાની અને નોકરીમાંથી છૂટો કરાવી દઈશ તેવી ડરાવી ધમકાવી અને હેરાન પરેશાન કરતા પીછોડા આશ્રમ શાળામાં શિક્ષક તરીકે મૂળ પેટલાદના બોરીયાવી ગામના રમણભાઈ પ્રભુદાસ સોલંકી સંજેલીના સોનિયા ફેશન કાપડની દુકાનના વ્યાજખોર જયેશ કનકમલ ધોકા વિરોધ સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા સંજેલી સહિત તાલુકાઓમાં વ્યાજખોરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો અને ચારે કોર ચર્ચાનો વિષય બન્યો હતો.

# જુનિયર કલાર્કનુ પેપર ફૂટ્યું, સંજેલી બસસ્ટેશન ખાતે વિદ્યાર્થીઓ રોષ પ્રગટ કર્યો

સંજેલી,

નવ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના હતા જ્યારે ફરી એકવાર પેપર લીક થવાની ઘટનાથી ખળભળાટ મચ્યો છે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓમાં નિરાશા જોવા મળી છે. ગુજરાતમાં પેપર લીક થવાનું સિલસિલો યથાવત રહ્યો છે ૨૦૧૪ થી પેપર લીક થવાની ઘટનાઓ સામે આવી ચુકી છે જ્યારે ફરી એકવાર પેપર લીક થવાની ઘટના સામે આવતા વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફરી વળતા નારાજગી જોવા મળી છે. જુનિયર ક્લાર્કની પરીક્ષા આપવા માટે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જઈ રહેલા અનેક વિદ્યાર્થીઓ પેપર લીક થતા હજારોની સંખ્યામાં અટવાયા હતા ૧૦૦ થી ૨૦૦ કિમી દૂર કેન્દ્ર પર પહોંચેલા વિદ્યાર્થીઓને ધક્કો ખાવાનો વારો આવ્યો હાલ ઠંડી નો મોસમ વિદ્યાર્થીઓ રાતના કડકડ થી ઠંડીમાં ઉઠીને પરીક્ષા આપવા નીકળેલા વિદ્યાર્થીઓ કેન્દ્ર પર પહોંચતા પહેલા જ પેપર લીક થવાની ઘટનાને લઈ વિદ્યાર્થીઓમાં આક્રોશ જોવા મળ્યો અને અમુક વિદ્યાર્થીઓ પેપર લીક થવાના કારણે વચ્ચેથી જ પાછા વળી આવ્યા. જુનિયર ક્લાર્ક ની પરીક્ષા રદ થતાં સંજેલી એસટી બસસ્ટેશન ખાતે વિદ્યાર્થીઓ ધરણા પર બેસી વિરોધ કરવામાં આવ્યો હતો. સંજેલી બસ સ્ટેશન પર પરીક્ષાર્થીઓ એસટી બસ સ્ટેશન ગેટ આગળ બેસીને વિરોધ કર્યો હતો બીજી બાજુ બીજા જિલ્લાઓમાંથી આવેલા વિદ્યાર્થીમાં ભારે નિરાશા છવાઈ હતી અને પ્રબળ વિરોધ પ્રગટ કર્યો હતો.



તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

# દાહોદ ગોવિંદનગર વિસ્તારમાં બંધ મકાનોના તાળાતોડી તસ્કરોએ ચોરીનો પ્રયાસ કરતાં પંથકમાં ખડભળાટ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ ગોવિંદનગર વિસ્તારમાંથી એક સાથે ૬થી ૭ બંધ મકાનોમાં તસ્કરોએ મોડી રાત્રીના સમયે ચોરીના પ્રયાસો સાથે ઘરના દરવાજાના તાળા તોડી ચોરી કરી હોવાનું જાણવા મળે છે. સત્તાવાર રીતે પોલીસ ચોંપડે ફરિયાદ નોંધાંવવા પામી નથી પરંતુ એક સાથે ૭ જેટલા મકાનોમાં તસ્કરોએ ચોરી કરતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામી હતી. શહેરના નેત્રમ સીસીટીવી કેમેરા સહિત રહેણાંક મકાનો તરફ લાગેલ સીસીટીવી કેમેરા વામળા સાબિત થયાં હતાં તે સાથે પોલીસની નાઈટ પેટ્રોલીંગ પર પણ અનેક સવાલો ઉભા થવા પામ્યાં છે.

દાહોદ શહેરના ગોવિંદ નગર વિસ્તારએ સતત ચોવીસે કલાક ધમધમતો વિસ્તાર છે. આ વિસ્તારમાં અનેક સોસાયટીઓ આવેલ છે ત્યારે ગતરોજ મોડી રાત્રીના સમયે અજાણ્યા તસ્કરોએ ગોવિંદનગર વિસ્તારમાં આવેલ વૃંદાવન સોસાયટીના બે મકાનો, ચેતના સોસાયટીનું એક મકાન, ભાગ્યોદન સોસાયટીના બે મકાનો, અશોક એપાર્ટમેન્ટનું એક મકાન તેમજ અન્ય એક સોસાયટી મળી કુલ ૬થી ૭ મકાનોમાં તસ્કરોએ ચોરી કરી હોવાનું સામે આવ્યું છે જેમાં એક મકાનમાં ચોરી થઈ છે તેમજ અન્ય મકાનોમાં અજાણ્યા તસ્કરો દ્વારા ચોરીના પ્રયાસો કરવામાં આવ્યાં છે. ગતરોજ રાત્રીના ઘટનાને પગલે પંથકમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે. શહેરમાં આવેલ નેત્રમ સીસીટીવી કેમેરા સહિત ગોવિંદનગર વિસ્તારમાં લાગેલ સીસીટીવી કેમેરા વામળા સાબિત થયાં છે. પોલીસની નાઈટ પેટ્રોલીંગની કામગીરી પર પણ અનેક સવાલો ઉભા થવા પામ્યાં છે. તસ્કરો ભરચક એવા ગોવિંદનગર વિસ્તારમાં બંધ મકાનોમાં ચોરીઓને અંજામ આપી પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો હોય તેમ લાગી રહ્યું છે ત્યારે આવા ચોરોને તાત્કાલિક ઝબ્બે કરવામાં આવે તેવી લાગણી અને માંગણી દાહોદ શહેરવાસીઓમાં ઉઠવા પામી છે.

# દાહોદ ચાકલીયાથી લીમડી જતાં રોડ ઉપર દારૂ ભરેલ આઈસર ટેમ્પો પલ્ટી ખાઈ જતાં ચાલક ફરાર

દાહોદ,

આઈસર ટેમ્પોમાં કપ ભરેલ પેટીઓ તથા લોખંડની પ્લેટો ભરેલ લાકડાની પેટીઓની આડમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ભરી ચાકલીયાથી લીમડી જતાં રોડે દાંતગઢ ગામે કાળી નદીના પુલ પાસે દારૂ ભરેલ ટેમ્પો પલ્ટી ખાઈ જતાં આઈસર ટેમ્પોનો ચાલક પોતાના કબજાનો ટેમ્પો સ્થળ પર છોડી નાસી જતાં ગાડીનો કલીનર ચાકલીયા પોલિસને હાથે ઝડપાઈ ગયો હતો તેમજ ચાકલીયા પોલિસે પલ્ટી ખાધેલ આઈસર ટેમ્પોમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂ તથા રમની રૂપિયા ૨ લાખ ઉપરાંતનિ કિંમતની નાની મોટી બોટલ નંગ-૪૯૨ તથા રૂપિયા ૫૦૦૦નો મોબાઈલ ફોન તથા રૂપિયા ૫ લાખની કિંમતનો આઈસર ટેમ્પો મળી રૂપિયા ૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે લીધાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર મધ્યપ્રદેશમાંથી વિદેશી દારૂ ભરીને જીજે-૧૭ યુ.યુ-૫૮૬૧ નંબરનો આઈસર ટેમ્પો ચાકલીયાથી લીમડી તરફ જમનાર હોવાની બાતમી ચાકલીયા પોલિસને મળતા ચાકલીયા પોલિસે ચાકલીયાથી લીમડી તરફજતાં રોડ પર દાતગઢ નજીક જરૂરી વોચ ગોઠવી હતી અને વહેલી સવારે પોણા સાત વાગ્યામના સુમારે બાતમીમાં દર્શાવેલ ટેમ્પો દુરથી જોવાતા વોચમાં ઉભેલ પોલિસ રોડ પર આવી ગઈ હતી તેમ છતાં ટેમ્પોના ચાલકે ટેમ્પો ઉભો ન રાખી ચાકલીયાથી લીમડી તરફ જતાં રોડ પર ભગાવી મુકતા ચાકલીયા પોલિસે તે આઈસર ટેમ્પોનો ફિલ્મી ઢબે પીછો કરતા દાંતગઢ ગામે કાળી નદીના પુર પાસે ટેમ્પો અચાનક પલ્ટી ખાઈ જતાં ટેમ્પોનો ચાલક પોતાના કબજોનો ટેમ્પો સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો જ્યારે પોલિસે ટેમ્પોના કલીનર મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના ગોટીયા ગામના નરેશભાઈ જોસેફભાઈ ડામોર ઉ.વ. ૧૯ની અટક કરી પલ્ટી ખાધેલ આઈસર ટેમ્પોમાં તલાસી લઈ ટેમ્પોમાંથી રોયલ સ્ટેગ ડીલક્સ વ્હીસ્કીની ૭૫૦ મીલીની બોટલ નંગ-૧૩૨, ઓફીસર્સ ચોઈઝ કલાસીક વ્હીસ્કીની ૭૫૦ મીલીની બોટલ નંગ-૧૬૮, ઓલ્ડ મોન્ક, મેચ્યોર્ડ ટ્રીબલ એક્સ ડીલક્સ રમ ૭૫૦ મીલીની બોટલ નંગ-૪૮, ગ્રીન લેબલ વ્હીસ્કીની ૧૮૦ મીલીની બોટલ નંગ-૧૪૪ મળી કુલ રૂપિયા ૨,૦૦,૫૨૦ની કુલ કિંમતની બોટલ નંગ-૪૯૨ પકડી પાડી, પકડાયેલ કલીનર પાસેથી રૂપિયા ૫૦૦૦ની કિંમતનો વીવો કંપનીનો મોબાઈલ, કપ ભરેલ પેટીઓ તથા સદર દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ રૂપિયા પાંચ લાખની કિંમતનો આઈસર ટેમ્પો મળી રૂા.૭,૦૫,૫૨૦ નો મુદ્દામાલ કબજે લઈ આઈસર ટેમ્પોના ચાલક, કલીનર સહીત કુલ ત્રણ જણા વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ભઠીયાડા ગામે સગીરા સાથે ઈસમે છેડતી કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ભાઠીવાડા ગામે એક ૧૫ વર્ષીય સગીરાને એક યુવક દ્વારા સગીરા ઉપર જબરદસ્તીથી જાતીય હુમલો કરી જાતીય સતામણી કરી છેડતી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા. ૨૭મી જાન્યુઆરીના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરા ભાઠીવાડા ગામેથી પસાર થઈ રહ્યાં હતા.તે સમયે ભાઠીવાડા ગામે ગામતળ ફળિયામાં રહેતો અલ્કેશભાઈ પુંજાભાઈ કલારા સગીરા પાસે આવ્યો હતો અને સગીરા ઉપર જબરદસ્તીથી જાતિય હુમલો કરી સગીરાને જાતિય સતામણી કરી તેણીની સાથે છેડતી કરતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૩૦,૦૦૦ની લાંચ લેનાર જમાદારને ત્રણ વર્ષની સજા ફટકારતી કોર્ટ

ધાનપુર,

ધાનપુર તાલુકાના નાનીમલુ ગામના આઈશર ટેમ્પો ચાલકથી ૨૦૧૩ની સાલમાં સર્જાયેલા અકસ્માતમાં એક મહિલાનું મોત થયુ હોઈ ટેમ્પો ચાલકની ધરપકડ કરી જેલમાં નહી પુરવા, માર નહી મારવા અને તાત્કાલીક કોર્ટમાં રજુ કરવા માટે ૩૦,૦૦૦ની લાંચ સ્વીકારતા ઝડપાયેલા ધાનપુર પોલીસ મથકના હે.કો.સામેનો કેસ અત્રેની કોર્ટમાં ચાલી જતા અદાલતે જમાદારને કસુરવાર ઠેરવી ત્રણ વર્ષની સજા અને ૧૦,૦૦૦નો દંડ ફટકારવાનો હુકમ કર્યો હતો. ધાનપુર તાલુકાના નાની મલુ ગામે રહેતા સબુરભાઈ માવીનો રામચંદ્ર માવી આઈશર ટેમ્પો ચલાવતો હોઈ ૨૦૧૩ની સાલમાં ટેમ્પો રોડની સાઈડમાં ઉતરી ગયો હતો. જેમાં મહિલાને મોતને ભેટી હતી. બનાવ સંદર્ભે ધાનપુર પોલીસ મથકે ગુનો નોંધાતા તપાસ કરનાર અમલદાર હે.કો.ભારતસિંહ વીરસીંહ બામણીયાએ રામચંદ્રને રજુ કરવા માટે તેના ભાઈ પાસે ૩૦,૦૦૦ માંગ્યા હતા. બનાવ અંગે લાંચ રૂશ્વત શાખામાં ફરીયાદ નોંધાતા જમાદારને લાંચ સ્વીકારતા ઝડપી પાડ્યા હતા. જે કેસ લીમખેડાની અદાલતમાં ચાલી જતા સરકારી વકીલ બી એસ ચૌહાણની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી જથા એડીશનલ સેશન્સ એન્ડ સ્પેશ્યલ જજ મોહમ્મદ હનીફબેગ અકબરબેગ મીરઝાએ પોલીસ જમાદાર ભારતસીંહ બામણીયાને ત્રણ વર્ષની સજા અને ૧૦,૦૦૦નો દંડ ફટકારવાનો હુકમ કર્યો હતો.

# દે.બારીઆમાં શિક્ષણ સાથે માનવતા ના પાઠ શિખવતી ઈરા સ્કૂલ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ

ઈરા સ્કૂલ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ દ્વારા, દેવગઢ બારીયા નગરપાલિકા ના ૧૦૮ વર્ષ પુરા થયાની ઉજવણી રૂપે દેવગઢ ફેસ્ટિવલ-૨૦૨૩ અંતર્ગત ફનફેર અને ખાણીપીણી માર્કેટમાં યોજેલ સ્ટોલમાં થી થયેલ આવકમાંથી આજે તેઓએ આહાર સંસ્થાના ૧૨૬-ગરીબોને પોતાના વરદ હસ્તે પુરી-દાળ-ભાત-શાક-દૂધપાક નું ભોજન જમાડી સમાજમાં માનવતાનું અનોખું ઉદાહરણ બેસાડયું છે. સૌ વિદ્યાર્થીઓ એ પોતે મહેનતથી કરેલ આવકમાંથી જાતે લાભાર્થીઓના ટીફિન ભરી ખુશીઓથી તૃપ્ત થયા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.135

## જુનીયર કલાર્કની પરીક્ષાનું પેપર લીક થતાં

# પરીક્ષા રદ્દ કરવાની જાહેરાત સાથે ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડ ખાતે પરીક્ષાર્થીઓએ આક્રોશ સાથે વિરોધ વ્યકત કર્યો

## પોલીસે પરીક્ષાર્થીઓને સમજાવી મામલો થાળે પાડ્યો.

ગોધરા,

ગુજરાત રાજયમાં યોજાનાર જુનીયર કલાર્કના પેપર લીક થવાના સમાચાર બાદ જુનીયર કલાર્કની પરીક્ષા આપવા આવેલા પરીક્ષાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ગોધરા લાલબાગ બસ સ્ટેશન ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા પરીક્ષાર્થીઓને સમજાવટ કરવાના પ્રયાસ સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

રાજયભરમાં જુનીયર કલાર્કની ૧૧૮૧ ખાલી જગ્યાઓ માટે આજરોજ જુનીયર કલાર્કની પરીક્ષા આપવા માટે પરીક્ષાર્થીઓ જેને ખુલ્લામાં પરીક્ષા કેન્દ્રો ઉપર આવી કડકડતી ઠંડીમાં પરીક્ષા આપવા માટે ભારે ઉત્સાહ સાથે આવ્યા હતા. જયારે આજે યોજાનાર જુનીયર કલાર્કની પરીક્ષાનુ પેપર લીક થતાં આજે યોજાનાર પરીક્ષા રદ્દ કરવામાં આવી છે. છેલ્લા કેટલાક



મહિનાઓથી પરીક્ષાર્થીઓ જુનીયર કલાર્કની પરીક્ષા આપવા માટે મહેનત કરતા હોય અને પરીક્ષા પેપરની રાત્રિએ પેપર લીક થવાનો કિસ્સો પ્રકાશમાં આવતા પરીક્ષા રદ્દ કરવામાં આવી અને આ પેપર માટે નવી તારીખ જાહેર કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે વિવિધ કેન્દ્રો ઉપર યોજાનાર જુનીયર કલાર્કની પરીક્ષા આપવા માટે બીજા જિલ્લાઓમાંથી રાત્રિના સમયે ગોધરા ખાતે આવી પહોંચેલ પરીક્ષાર્થીઓને જુનીયર કલાર્કની પરીક્ષાનુ પેપર લીક થતાં પરીક્ષા રદ્દ થવાની જાણ થતાં ગોધરા લાલબાગ બસ સ્ટેન્ડમાં પરીક્ષા આપવા માટે આવેલ પરીક્ષાર્થીઓએ ભારે આક્રોશ સાથે બસ સ્ટેશનના મુખ્ય ગેટ પાસે બેસીને સરકાર વિરુદ્ધ સુત્રોચાર કરીને હોબાળો માચાવી દેતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને પોલીસ દ્વારા પરીક્ષાર્થીઓને સમજાવટ કરીને મામલો થાળે પાડ્યો હતો. છેલ્લા લાંબા સમયથી જુનીયર કલાર્કની પરીક્ષા માટે મહેનત કરતા પરીક્ષાર્થીઓને પરીક્ષા પહેલા પેપર લીક થયાની જાણ થતાં પોતાના સપના ઉપર પાણી ફરી વળતા દુઃખ સાથે સરકાર સામે આક્રોશ પણ જોવા મળ્યો હતો.

> પંચમહાલ જિલ્લાની ગોધરા, હાલોલ, કાલોલ અને મોરવા(હ)તાલુકા ખાતે જુનીયર કલાર્કની પરીક્ષા માટે ૫૪ પરીક્ષા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા. જેમાં ૧૯,૨૬૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવાની હતી. જેને લઈ એસ.ટી વિભાગ દ્વારા તમામ રૂટ ઉપર ૧૫ એસ.ટી.બસની સુવિધા ઉભી કરવામાં આવી હતી. પરીક્ષા આપવા ઉત્સાહિત પરીક્ષાર્થીઓ પરીક્ષા કેન્દ્રો ઉપર પહોંચે તે પહેલા પેપર લીક થતાં પરીક્ષા રદ્દ કરવામાં આવતા પરીક્ષાર્થીઓ દુઃખી થયા હતા અને પોતાની મહેનત ઉપર પાણી ફરી વળતા સરકાર સામે વિરોધ સાથે આક્રોશ વ્યકત કર્યો છે.


> જુનીયર કલાર્કની પરીક્ષા પહેલા પેપર લીક થતાં સરકાર દ્વારા પરીક્ષા રદ્દ કરવાની જાહેરાત કરવામાં આવી. અવાર નવાર ગુજરાત રાજયમાં વિવિધ પરીક્ષાઓમાં પેપર લીક થવાની ઘટનાઓ સામે આવી છે. તે જોતા ગુજરાત બહાર હૈદરાબાદ પ્રિન્ટિંગ પ્રેસમાં પેપર છપાવવામાં આવ્યુ હતુ તેમ છતાં પ્રેસમાંથી પેપર લીક થયુ અને પેપર લીકમાં બિહાર-ઓરીસ્સા અને ગુજરાતનુ કનેકશન સામે આવ્યુ છે. ગુજરાત એટીએમ દ્વારા પેપર લીકમાં ૧૫ ઈસમોની અટકાયત કરવામાં આવી છે. વધુ એક વખત રાજયમાં પેપર લીક થવાની ઘટના બાદ પરીક્ષા રદ્દ થતાં પરીક્ષાર્થીઓના સપના ઉપર પાણી ફરી વળ્યુ છે.


# હાલોલ ટીમ્બી ગામે આશ્રમના સાધુએ સંતાન પ્રાપ્તિ માટે આવેલ મહિલા સાથે દુષ્કર્મ આચરતાં સાધુની અટકાયત

હાલોલ,

શેર માટીની ખોટ પૂરી પોતાના પેઢીના વારસદાર માટે શ્રદ્ધા સાથે દરદર ભટકી રહેલા દંપતીઓ માટે એક ચોકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સમાજમાં નિઃસંતાન દંપતિઓ પથ્થર એટલા દેવ માની પોતાની સંતાનપ્રાપ્તિ ની ઝંખના પૂરી કરવા માટે ઠેર ઠેર ફરી રહ્યા છે. આવા જરૂરિયાત મંદોનો ગેરલાભ ઉઠાવી કેટલાક પાખંડીઓ સંતાન વાંચ્છુ મહિલાઓ સાથે પોતાની હવસ સંતોષતા હોવાનું સામે આવતું હોય છે. ત્યારે આવો જ એક ચોંકાવનારો કિસ્સો પંચમહાલ જિલ્લાના હાલોલ પંથકથી સામે આવ્યો છે.

હાલોલ ના ટીમ્બી ગામ સ્થિત એક આશ્રમમાંથી સનાતની સંસ્કૃતિ પર કાળી ટીલી સમાન કિસ્સો સામે આવ્યો છે. જયાં





આશ્રમમાં સંતાન પ્રાપ્તિની વિધિ માટે આવતી એક પરિણીત મહિલા સાથે પોતાની જાતને સાધુ કહેતા એક ઈસમે વિશ્વાસ સંપાદિત કરી દુષ્કર્મ આચર્યુ હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશ માં આવ્યો છે. મહિલા એ દુષ્કર્મ ના આરોપ સાધુ ઉપર લગાવ્યા છે. મહિલાએ તેના સ્વજનોના માદયમથી હાલોલ ગ્રામ્ય પોલીસ મથકે કહેવાતા સાધુ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે સાધુની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે. જોકે પોલીસ મથકે લવાયેલા આક્ષેપિત સાધુ પોતે નિર્દોષ હોવાનું ગાવા સાથે પોતાને રાજકારણ નો ભોગ બનાવ્યો હોવાનું જણાવી મીડિયા સમક્ષ ગુસ્સે થતા પણ જોવા મળ્યા હતા.

હાલોલના ટીંબી ખાતે આવેલા એક આશ્રમમાં એક સંતાન વાંચ્છુ મહિલા સાધુના આશીર્વાદ લેવા માટે જતી હતી અને પોતાની કુખે શેર માટેની ખોટ પુરાઈ જાય એવી અતૂટ આસ્થા રાખી હતી. પરંતુ આશ્રમના કહેવાતા સાધુએ મહિલા અને તેના સ્વજનો સાથે વિશ્વાસ સંપાદિત કરી લીધો હતો અને જે વિશ્વાસનો આખરે દુરૂપયોગ કરી મહિલા સાથે દુષ્કર્મ આચર્યુ હોવાના આક્ષેપ હાલ સાધુ સામે મહિલાએ કર્યો છે. જોકે આ સમગ્ર મુદ્દે પીડિત મહિલા અને તેના સ્વજનો જાગૃત બની સાધુને ખુલ્લો પાડવા માટે મેદાનમાં આવ્યા છે. પીડીતાએ હાલોલ ગ્રામ્ય પોલીસ મથકે સાધુ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે પણ મહિલાના તબીબી પરીક્ષણની કાર્યવાહી હાથ ધરી સાધુની અટકાયત કરી વધુ કાર્યવાહીનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ગોધરા પંચામૃત ડેરીની ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ નિમિત્તે મેરેથો દોડનું આયોજન કરાયું

ગોધરા,

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના અઢી લાખ ઉપરાંત પશુપાલકોની જીવાદોરી સમાન ગણાતી પંચામૃત ડેરીની સ્થાપના થયે ૫૦ વર્ષ પૂર્ણ થતાં પંચમહાલ ડેરી દ્વારા ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે વિવિધ રમત ગમતની સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે, ત્યારે આજરોજ પંચામૃત ડેરી દ્વારા ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ નિમિત્તે મેરેથોન રન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮ થી ૫૮ વર્ષ સુધીની વયના ડોક્ટર, શિક્ષક, વેપારી અને



સ્થાનિક આગેવાનો સહિતના ૧૫૦૦ જેટલા મહિલા અને પુરૂષ સ્પર્ધકોએ ભાગ લીધો હતો,જે સ્પર્ધાનું ૧૮ થી ૪૦ અને ૪૧ થી ૫૮ વર્ષ સુધીના પુરૂષ સ્પર્ધકો માટે બે અલગ-અલગ કેટેગરી જ્યારે ૧૮ થી ૪૦ અને ૪૧ થી ૫૮ વર્ષના મહિલા સ્પર્ધકો માટે પણ બે અલગ-અલગ કેટેગરી આમ ચાર કેટેગરીમાં વિભાજન કરવામાં આવ્યું હતું. યોજાયેલ મેરેથોન રન સ્પર્ધાનું પંચામૃત ડેરીના મેનેજીંગ ડિરેક્ટર મિતેષ મહેતા અને જનરલ મેનેજર ચિરાગ પટેલે પંચામૃત ડેરી ખાતેથી પ્રસ્થાન કરાવ્યું હતું અને વિભાજીત કરવામાં આવેલ કેટેગરી પ્રમાણે પંચામૃત ડેરી થી ભુરાવાવ ચોકડી, બસ સ્ટેન્ડ અને ચર્ચ સર્કલ થઈ પંચામૃત ડેરી ખાતે પરત આવીને ૫ થી ૭ કિલોમીટર રન સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવેલા ૧૨ જેટલા વિજેતા સ્પર્ધકોને પંચામૃત ડેરીના અધિકારીઓ દ્વારા શિલ્ડ, મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરાયા હતા સાથે જ તેઓને પંચામૃત પ્રોડક્ટ્સ ગિફ્ટ હેમ્પર જેવા પ્રોત્સાહિત ઈનામો પણ આપવામાં આવ્યા હતા. આ મેરેથોન સ્પર્ધાના કાર્યક્રમમાં પંચમહાલ ડેરીના મેનેજીંગ ડિરેક્ટર મિતેષ મહેતા, જનરલ મેનેજર ચિરાગ પટેલ, પ્લાન્ટ જનરલ મેનેજર એફ.એસ. પુરોહિત, કોર્મિશયલ જનરલ મેનેજર સંકેત કાછીયા તેમજ પી.ડી.સી. બેંકના મેનેજીંગ ડિરેક્ટર રશેષ શાહ અને પંચામૃત ડેરીના વિવિધ વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# મોરવા(હ)ના ભુવર ગામના ઈસમ અને વડોદરા મધ્યસ્થ જેલના પેરોલ પર નાસી છુટેલ આરોપીને દુધઈ ગામેથી ઝડપ્યો

મોરવા(હ),

મોરવા(હ)પોલીસ મથકના ગુનામાં વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપતો આરોપી પેરોલ પર છુટીને છ મહિનાથી નાસ્તો ફરતો હોય આરોપીને પેરોલ ફર્લો સ્કવોડએ બાતમીના આધારે ભચાઉના દુધઈ ગામેથી ઝડપી પાડવામાં આવ્યો.



પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા(હ)પોલીસ મથકના ગુનામાં ભુવર ગામનો આરોપી ઉદાભાઈ મંગળભાઈ ડાભી જે વડોદરા મધ્યસ્થ જેલમાં પાકા કાના કેદી તરીકે સજા કાપતો હોય જે જેલમાંથી પેરોલ ઉપર ફર્લો સ્કવોડને મળેલ બાતમીના આધારે ભચાઉના દુધઈ ગામેથી ઝડપી પાડીને મોરવા(હ)પોલીસને સોંપવામાં આવ્યો હતો.

# મહીસાગર, દાહોદ, વડોદરા અને પંચમહાલના કવિઓએ પોતાની કવિતાઓ વહેતી મૂકી



ગોધરા,

તાજેતરમાં રોટરી ક્લબ ગોધરા, સ્પંદન ફાઉન્ડેશન ગોધરા, તથા સત્ય સાંઈ એકેડેમી ગોધરાના સંયુક્ત ઉપક્રમે ‘‘રસ્તા વસંતના’’ અંતર્ગત ભવ્ય કવિ સંમેલન સત્ય સાંઈ એકેડેમી ગોધરા ખાતે ભારે દબદબાભેર સંપન્ન થયું. જેમાં મહીસાગર, દાહોદ, વડોદરા અને પંચમહાલના કવિઓએ પોતાની કવિતાઓ વહેતી મૂકી હતી. નગરના સુગ્ન શ્રોતાજનોની જીવંત હાજરીમાં નામી કવિઓ ડો.કુમાર જૈમિનિ શાસ્ત્રી, પીયૂષ પરમાર, ડો.મહેશ પટેલ, મોહસીન મીર ‘સ્પર્શ’, મહેન્દ્ર પરમાર ‘ફોરમ’, દિલીપસિંહ પુવાર, રાજેન્દ્ર પરમાર ‘ક્ષિતિજ’, મણિલાલ પરમાર ‘મણિરાજ’, ઝલક પટેલ, ઉર્વશા બારડ, જીબીશા પરમાર ‘શમા’, ઈસ્હાક શિકારી, તથા વનરાજસિંહ સોલંકીએ સ્વરચિત કાવ્યો રજૂ કરી વાસંતી વાતાવરણ ખડું કર્યું હતું. પંચમહાલ જિલ્લાના પ્રખર સાહિત્યકાર અને સંચાલક ડો.કુમાર જૈમિનિ શાસ્ત્રીએ પોતાની આગવી શૈલીમાં મુશાયરાનું સંચાલન કરી મહેફિલને ચાર ચાંદ લગાવ્યા હતા. સ્પંદન ફાઉન્ડેશનના કાર્યકર્તા મોહસીન મીર, ડો.મહેશ પટેલ, તથા મહેન્દ્ર પરમારે અનુક્રમે શાબ્દિક સ્વાગત, સ્પંદનની આગામી કાર્યક્રમની રૂપરેખા તથા આભારવિધિ કરી કાર્યક્રમને આકાર્યો હતો. સત્યસાંઈ એકેડેમીના સંચાલક અશોકભાઈ રાજગૌર અને મેહુલભાઈએ ઉપસ્થિત કવિઓને પ્રતીક પુરસ્કાર આપી નવાજ્યા હતા. નોબલ એકેડેમીના આયોજક શ્રી નિતેશભાઈ ગંગારામાણી પણ આ આયોજનમાં સહાયભૂત રહ્યા હતા.

# ગોધરા-વડોદરા હાઈવે સહયોગ હોટલ પાસેથી ચોરીના મોબાઈલ સાથે બે ઈસમોને વેજલપુર પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા-વડોદરા હાઈવે રોડ સહયોગ હોટલ પાસે નાયરની દુકાન પાસેથી શંકાસ્પદ હાલતમાં બે ઈસમોને ઝડપી પોલીસે પુછતાછ કરતા ચોરીના બે મોબાઈલ અને અન્ય ચીજવસ્તુઓ મળી ૩૯,૫૦૦/-રૂપિયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વેજલપુર પોલીસે ગોધરા-વડોદરા હાઈવે રોડ ઉપર સહયોગ હોટલ પાસે નાયરની દુકાન પાસે ઉભેલ બે શંકાસ્પદ ઈસમોને ઝડપી પુછપરછ કરી હતી દરમિયાન મોબાઈલ ફોન મળી આવ્યા હતા જે મઘવાસ ગામ નજીકથી ચોરી કરેલ હોવાની કબુલાત કરી તેમજ બંને ઈસમો પાસેથી બાઈક અન્ય વસ્તુઓ મળી ૩૯,૫૦૦/-રૂપિયાનો મુદ્દામાલ સાથે નિરવકુમાર ઉર્ફે જીતેન્દ્રભાઈ પટેલ(રહે.નારી કેન્દ્ર વર્ધમાનનગર, ગોધરા), વિનાયક શાંતિલાલ બારીયા (રહે.સોનીવાડ, ખાડુમ્બર, ટુવા) અટકાયત કરી આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.


# દાહોદ નજીક દિલ્હી-મુંબઈ રેલમાર્ગ પર પોતાનું જીવ જોખમમાં મૂકી રીલ બનાવતા ટીનેજર્સ બાળકો RPF ના હાથે ઝડપાયા

> - સોશિયલ મીડિયામાં છવાઈ રહેવા તમારા બાળકો પોતાનું જીવ જોખમમાં તો નથી મૂકી રહ્યા ને..?
> - RPF પોલીસે બાળકોને ડિટેઈન કરી વાલી વારસોને બોલાવી વોર્નિંગ આપી છોડી મૂક્યા હતા.


દાહોદ,

દાહોદ નજીક પશ્ચિમ રેલવેના અતિ વ્યસ્ત ગણાતા તેમજ ૨૪ કલાક સુપરફાસ્ટ ગાડીઓની અવરજવરથી ધમધમતા દિલ્હી-મુંબઈ રેલમાર્ગ પર કેટલાક ટીનેજર્સ બાળકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માટે રીલ બનાવવા ગેરકાયદેસર રીતે પોતાનું જીવ જોખમમાં મૂકી વિડીયો શુટીંગ કરી રહ્યા હતા. જે અંગેની જાણકારી દાહોદ આરપીએફ ને થતા આરપીએફના જવાનો દ્વારા બાળકોને ડિટેઈન કરી પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા.જ્યાં તેમના વાલીવારસોને બોલાવી બાળકોને સમજાવી વોર્નિંગ આપી છોડી મૂક્યા હતા.

૨૧ મી સદીના આધુનિક જમાનામાં ભારત સહિત વિશ્વમાં ઈન્ટરનેટે ભારે ક્રાંતિ મચાવી છે. જેના પગલે સમગ્ર વિશ્વની અનેકવિધ જાણકારીઓ ફક્ત એક ક્લિકમાં ઘર બેઠા પ્રાપ્ત થઈ જાય છે. આજના આધુનિક યુગમાં સંશોધન તેમજ ભણતર પણ હવે ઈન્ટરનેટના માધ્યમથી થાય છે. ઈન્ટરનેટના ફાયદા અને નુકસાન બંને છે.જરૂરિયાતમંદ માટે પોતાનું જનરલ નોલેજ વધારવા તેમજ ૨૧ મી સદીમાં પોતાને વિશ્વ સાથે તાલમેલ મેળવી ટેક્નોલોજીના માધ્યમથી દુનિયાની સાથે કદમ થી કદમ મિલાવી ચાલવા માટે ઉત્તમ ઉદાહરણ છે. પરંતુ પરંતુ સિક્કાની બે બાજુ હોય છે એક સારી અને ખરાબતેવી જ રીતે ઈન્ટરનેટનું માધ્યમ એક બાજુ લોકો માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે ત્યારે ઈન્ટરનેટની ગેરલાભની વાત કરીએ તો આજના આધુનિક યુગની નવી પેઢી પોતાના જૂના અને પારંપરિક વારસામાં મળેલા સંસ્કારોને નેવે મૂકી સોશિયલ મીડિયાની ઝાકમઝોળ ભરી દુનિયામાં અંજાઈ ગયો છે. ભણવા અને રમવાની ઉંમરમાં ટીનેજર્સ બાળકો સોશિયલ મીડિયામાં છવાઈ રહેવા માટે કોઈપણ હદ પાર કરવા માટે તત્પર બન્યા છે. જે કેટલાક કિસ્સાઓમાં જોખમી પણ સાબિત થાય છે. તેમાંએ ખાસ કરીને ઈન્સ્ટાગ્રામ તેમજ ફેસબુક પ્લેટફોર્મ પર સોશિયલ મીડિયામાં છવાઈ રહેવા તેમજ પોતાને બીજા કરતા ચડિયાતો સાબિત કરવા આજના ટીનેજર્સ બાળકો કોઈપણ હદ વટાવી જાય છે. જે આજની આધુનિક પેઢી માટે ઘાતકરૂપ છે. સોશિયલ મીડિયાનો









તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ક્રેઝ હવે મદય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં પણ નવી પેઢીના સર ચઢીને બોલી રહ્યો છે. સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર આદિવાસી વિસ્તારમાંથી આવતા ટીનેજર્સ બાળકોના અવનવા વિડીયો તેની ગવાહી પુરે છે. તાજેતરમાં કેટલાક યુવાનોએ સોશિયલ મીડિયામાં રિલ બનાવવા માટે પોતાનું જીવ જોખમમાં મૂકી રેલવે ટ્રેક પર આવી પહોંચ્યા હતા. ટીનેજર્સ બાળકો બેગ્રાઉન્ડમાં રેલવેના ટ્રેક દર્શાવવા માટે રેલવે ટ્રેક પર મોબાઈલ દ્વારા વિડીયો શુટીંગ કરી રહ્યા હતા. પરંતુ તેઓ ભૂલી ગયા હતા કે જે જગ્યાએ તેઓ રીલ બનાવવા માટે મોબાઈલ દ્વારા શૂટિંગ કરી રહ્યા છે. તે પશ્ચિમ રેલવેનો અતિ મહત્વપૂર્ણ રેલમાર્ગ છે.આ રેલમાર્ગ પર દિવસ રાત સુપરફાસ્ટ ટ્રેનોની અવરજવર થતી હોય છે. જેના પગલે આવા અતિ વ્યસ્ત રેલવે ટ્રેક પર વિડીયો શુટીંગ કરવું કેટલું જોખમી છે.? તેની કલ્પના માત્ર કાળજુ કંપાવી દે તેમ છે. ગઈકાલે કેટલાક ટીનેજર્સ બાળકો દ્વારા દાહોદ નજીક રેલવે ટ્રેક પર રિલ્સ બનાવવા માટે પોતાને જીવ જોખમમાં મૂકી શૂટિંગ કરી રહ્યા હોવાની જાણકારી દાહોદ આરપીએફને થતા દાહોદ રેલવે સ્ટેશનના આરપીએફના આઈપીએફ લીનેશ બૈરાગીના નેતૃત્વમાં આરપીએફના જવાનો દ્વારા ટીનેજર્સ બાળકોને રેલમાર્ગ પરથી પકડી આરપીએફ કાર્યાલય ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં તેઓના વાલી વારસોને બોલાવી આરપીએફ પોલીસ દ્વારા વોર્નિંગ આપી છોડી દેવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખની છે કે ૨૧ મી સદીના આધુનિક યુગમાં ભાગદોડ ભરી લાઈફ સ્ટાઈલમાં આવા કિસ્સાઓ માતા પિતા માટે લાલબત્તી સમાન સાબિત થઈ શકે તેમ છે. પોતાનો બાળક સોશિયલ મીડિયા પર શું કરી રહ્યો છે? તેની રોજીંદી ગતિવિધિ તેમજ તેની સંગત વિશે જાણકારી રાખવી અત્યંત આવશ્યક બની જવા પામી છે. પોતાનું બાળક સોશિયલ મીડિયાની ઝાકમઝોળ દુનિયામાં ખોવાય તે પહેલા જ માતા પિતાએ પોતાના બાળકને યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડી તેને સાચી દિશા દેખાડે જેથી બાળકનું સાચું ઘડતર થાય અને તેનું ભવિષ્ય તેમજ કેરિયર સારૂં અને ઉત્તમ બનાવે.